

**પાલનપુર ખાતે નોટબંધીના વિરોધમાં બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના ધરણા**

કેન્દ્રની ભાજપ સરકારે ૨ વર્ષ અગાઉ કરેલ નોટબંધીના વિરોધમાં આજે બનાસકાંઠા કોંગ્રેસે પાલનપુર ખાતે ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. કેન્દ્રની મોદી સરકારે બે વર્ષ અગાઉ રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરી હતી. જે નોટબંધીની નિષ્ફળતાના વિરોધમાં કોંગ્રેસે આજે રાજયવ્યાપી વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો આપ્યા છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ કોંગ્રેસે નોટબંધીના વિરોધમાં ધરણાં યોજ્યા હતા. મોદી સરકારનો નોટબંધીનો નિર્ણય દેશની અર્થવ્યવસ્થા માટે ઘાતક પુરવાર થયો હોવાના આક્ષેપો સાથે કોંગ્રેસે ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. મોદી સરકારના તઘલખી નિર્ણયથી આમ આદમી સહિત વેપારીઓ પાયમાલ થઈ ગયા છે. ત્યારે કોંગ્રેસે નોટબંધીના નિર્ણય સામે અણિયાળા સવાલો ઉઠાવતા નોટબંધી સદંતર નિષ્ફળ રહી હોવાનો દાવો કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુની ઝપેટમાં કેટલાય પરિવારોની દિવાળી બગાડી

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં એક મહિનાના સમયગાળામાં એડીસ મચ્છરના ઉપદ્રવે હાહાકાર મચાવતા ઠેર ઠેર શંકાસ્પદ ડેન્ગ્યુ અને ડેન્ગ્યુની ઝપેટમાં જીલ્લાના પ્રજાજનો સપડાતા મોંઘીદાટ સારવાર લેવાનો વારો આવતા પ્રજાજનોમાં જિલ્લા આરોગ્ય વિભાગની કામગીરી સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે દિવાળી પર્વની ઉજવણી અને નવા વર્ષની વધામણીની ખુશી ડેન્ગ્યુ અને મચ્છરજન્ય બીમારીએ છીનવી લેતા દવાખાનામાં દોડાદોડી કરવી પડી હતી જીલ્લામાં મોટા ભાગના ખાનગી હોસ્પિટલો બંધ રહેતા બીમાર લોકો અને પરિવારજનોએ ભારે હાલાકી અનુભવી હતી.

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં ડેન્ગ્યુની બીમારીએ પ્રજાજનોને અજગરી ભરડામાં લેતા બેકાબુ બનતા પ્રજાજનોની દિવાળી પર્વની ખુશી છીનવાઈ હતી. ડેન્ગ્યુના પગલે કેટલાક



પરિવારોએ દિવાળી વેકેશનમાં આગોતરું આયોજન કરેલ પ્રવાસ પણ કેન્સલ કરવાની નોબત આવી હતી. મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં તેમજ લઘુમતી વિસ્તારની ત્રણ સોસાયટીમાં રહેતા ૧૪ વર્ષના અને ૧૦ વર્ષના ૩ બાળકોને ડેન્ગ્યુની અસર જણાતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર હેઠળ છે. જીલ્લા આરોગ્ય વિભાગ સબ સલામતી બણગા ફૂંકી રહી છે. બીજીબાજુ મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બનતા આરોગ્ય વિભાગના તમામ દાવાઓ જાણે પોકળ સાબિત થઈ રહ્યા હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.

જીલ્લા આરોગ્ય વિભાગ સર્વેની કામગીરી પણ શંકાસ્પદ જણાઈ રહી છે. પ્રજાજનો ડેન્ગ્યુ કે પછી સ્વાઈનફલુમાં સપડાય અને ખાનગી હોસ્પિટલના તબીબ દ્વારા જાણ થાય પછી એક બે દિવસ પછી ફોગીંગ અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતી હોવાનું ડેન્ગ્યુગ્રસ્ત દર્દીના પરિવારજનો દ્વારા જણાવ્યું હતું અને જીલ્લા આરોગ્ય વિભાગની કામગીરી સામે બળાપો ઠાલવ્યો હતો.

**ખોદયો ડુંગરને નીકળ્યો ઉંદર**

# બાળકનો મૃતદેહ સમજી ઘોર ખોદી તો કુતરૂ નીકળતા રમુજ ફેલાઈ

પાલનપુર, તા. ૧૪

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામની નદીના પટમાં માટીના ઢગલા ઉપર ફૂલોનો હાર તેમજ બાજુમાં અગરબત્તિ અને કફન જોતા કોઈ બાળકનો મૃતદેહ દાટવામાં આવ્યો હોવાની આશંકાએ ગ્રામજનોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. જ્યાં ભારે ઉત્તેજના વચ્ચે પોલીસની હાજરીમાં ઘોર ખોદવામાં આવતાં આવતાં અંદરથી કુતરાનો મૃતદેહ નિકળ્યો હતો. આમ, ખોદયો ડુંગરને નીકર્ળ્યો ઉંદર જેવી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં રમુજ ફેલાઈ હતી.

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામ નજીક પસાર થતી ઉમરદશી નદીના પટમાં સોમવારે રાત્રે કોઈ વ્યકિતઓ દ્વારા ખાડો ખોદી ઘોર ઉપર ફુલહાર તેમજ કફન મુકવામાં આવ્યું હોવાની આશંકાએ મોડી રાત્રી સુધી લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા.

આ અંગે તાલુકા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ રાત્રે દોડી આવી હતી. જોકે, વહેલી સવારે ઘોર ખોદવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. બીજી તરફ આ જગ્યાએ શ્વાન દાટવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતુ. દરમિયાન મંગળવારે સવારે ઘોરમાંથી શુ નિકળશે ? તેવા કુતુહલવશ મોટી સંખ્યામાં લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. અને બપોરે ખાદો ખોદવામાં આવતાં દસ ફૂટ ઉંડેથી શ્વાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જેની પુનઃ દફનવિધી કરવામાં આવી હતી. બાળકના મૃતદેહના અંદેશા વચ્ચે શ્વાનનો મૃતદેહ નીળકતાં ગ્રામજનોમાં ભારે રમજુ ફેલાઈ હતી.

## દત્તક યોજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે આરોગ્યતંત્રએ તૈયાર કરેલ લીસ્ટમાં નથી જણાયા. આ ગંભીર ક્ષતિને ધ્યાને લઈ તંત્રએ તમામ તાલુકાના હેલ્થ ઓફિસરોને લેખિતમાં સુચનાઓ જારી કરી ઓછામાં ઓછા બે પી.એચ.સી.માં જઈ ૧૦ બાળકોનું ટેન્ડમ સ્ક્રીનીંગ કરી રિપોર્ટ કરવા જણાવ્યું છે.

આ સૂચના દિપાવલી પર્વે પહેલાં આપવામાં આવી છે અને આ કામગીરી માત્ર એક સપ્તાહમાં જ સંપન્ન કરી અને રિપોર્ટ તાત્કાલિક આપવા માટેની કડક તાકીદ પણ કરવામાં આવી છે.

બીજી તરફ કુપોષણ મુકિત અભિયાનને સઘન બનાવવાના સંકલ્પને લઈ કલેકટરે કસ્તૂરબા પોષણ સહાય યોજનાના અમલમાં તંત્રની ઉદાસીન નીતિ સામે નારાજગી વ્યકત કર્યાની વાતે પણ ચર્ચા જગાવી છે. મળતી વિગતો પ્રમાણે આ યોજનામાં ગર્ભવતી મહિલા એનીમિયાથી પિડાતી હોય તો તેને પૂરક પોષણ આપવાની સરકારની યોજના છે. જેથી બાળક કુપોષિત ન જન્મે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ૨૦૧૭-૧૮માં જિલ્લામાં ૭૧૪૪ લાભાર્થી આ યોજનાના નોંધાયા હતા જયારે એપ્રિલથી જુન સુધીના ત્રિમાસિક ગાળામાં માત્ર ને માત્ર ૧૦૭૦ લાભાર્થી નોંધાયા છે. ખુબ જ ઓછા લાભાર્થી અને તંત્રની ઉદાસીનતાથી કલેકટર સખ્ત નારાજ થયાનું જાણવા મળેલ છે અને એટલે જ તેમણે આવા બાળકોને દત્તક આપવાનો નવતર અભિગમ અપનાવવાનો નિર્ણય કરેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કુપોષણ અંગે કલેકટરે વિગતવાર સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરી આપવાની સૂચનાઓ આપી છે. જિલ્લામાં આરોગ્ય તંત્ર ઉપરાંત મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા પણ જે યોજનાઓ હાલ અમલમાં છે તેના અમલીકરણ અંગે પણ તેમણે તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કોયાએ નારાજગી વ્યકત કરી સઘન અભિયાન કાગળ પર નહિ પરંતુ વાસ્તવિક અમલી બનાવી જિલ્લાને કુપોષણ મુકત કરવાનો અભિગમ હાથ ધર્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીએ તો આ યોજનાઓના અમલીકરણને લઈ આંગણવાડી કાર્યકરોની બેઠકોમાં હાજરી આપી અને ચુસ્તતાથી અમલમાં જો ક્ષતિ દેખાશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી પણ આપી છે.

## બંધ કરવાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉછાળવામાં આવે નહીંતે માટે આ નિગમને જ તાળાં મારી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં સરકારી સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે આ જમીન વિકાસ નિગમની તમામ મિલકતોને સરકાર હસ્તક લઈ અન્ય સરકારી વિભાગ માટે ઉપયોગ કરવામાં આવશે. જયારે આ નિગમના અંદાજે ૪૦૦ જેટલા કર્મચારીઓનો રાજયના અન્ય બોર્ડ-નિગમ અથવા સરકારી વિભાગોમાં સમાવેશ કરવામાં આવશે. તો આ નિગમ હસ્તકની વિવિધ યોજનાઓને રાજયના કૃષિ અને સિંચાઈ વિભાગ હેઠળ સાંકળી લેવામાં આવશે. સરકારે જમીન વિકાસ નિગમને તાળા મારવાનો નિર્ણય કર્યો છે. નિગમનાં ૪૦૦ કર્મચારીઓનો અન્ય સરકારી વિભાગોમાં કે બોર્ડ કોર્પોરેશનમાં સમાવેશ કરવામા આવશે. આ ઉપરાંત નિગમ અંતર્ગતની જે યોજનાઓ છે તે યોજનાઓને સીધી રીતે સિંચાઈ અને કૃષિ વિભાગ હેઠળ ચાલુ રાખવામાં આવશે. તો જયારે જમીન વિકાસ નિગમની મિલકતો સરકાર હસ્તક લઈને અન્ય સરકારી કામ માટે ફાળવવામાં આવશે. સરકારના જમીન વિકાસ નિગમને તાળા મારવાની વાત આમ તો સરકાર અને સમગ્ર વહીવટી તંત્ર માટે શરમજનક અને નાલેશીભરી કહી શકાય કારણ કે, ભ્રષ્ટાચારને નાથવાની વાતો કરનારા ભાજપના રાજમાં જ જો તેના એક નિગમમાં જ ગંભીર હદનો ભ્રષ્ટાચાર ખદબદતો હોય અને તે નિગમ બંધ કરી દેવાની ફરજ પડે તે આમ તો, સરકારને બેકફુટ પર ધકેલતો નિર્ણય કહી શકાય.

## સ્પર્ધાત્મક પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ માટેના રૂટ, શાળાઓ, લાયઝન અધિકારીઓ, ઓબ્ઝર્વર તેમજ સ્કવોડની રચના સહિતની કામગીરી સંપન્ન કરી દેવામાં આવી છે. આ પરીક્ષા માટે અધિકારીઓની ખાસ બેઠક પણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લઈ લીધી છે. પરીક્ષા કેન્દ્રો માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત રાખવાની સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે.

આ પરીક્ષા માટે ખાસ અલાયદો સ્ટ્રોંગરૂમ પણ ઉભો કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આખો દિવસ આ બન્ને પરીક્ષા માટે સતત મોનીટરીંગ કરાશે અને કોઈ ગેરરીતિ કે અન્ય કિસ્સા ન બને તેની પૂરતી તકેદારી રાખવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## અવકાશી સિદ્ધિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક પ્લેટફોર્મની જેમ કામ કરશે. ઈસરોના વડાએ કહ્યું છે કે, ઓપરેશન પેલોડ ઉપરાંત આ સેટેલાઈટ ૩ પ્રદર્શન ટેકનોલોજી, કયુ એન્ડ વી બેંડ, ઓપ્ટિકલ કોમ્યુનિકેશન અને હાઈરેઝુલેશન કમેરા પણ આની સાથે રહેલા છે. ભવિષ્યના સ્પેશ મિશન માટે પ્રથમ વખત આ ટેકનોલોજીનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

## ચુકાદો અનામત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌથી પહેલા અરજી કરનાર લોકો તરફથી દલીલો કરવામાં આવી હતી. ત્યારબાદ સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના નિર્દેશ ઉપર હવાઈ દળના અધિકારીને પણ નિવેદન આપવા માટે બોલાવવામાં આવ્યા હતા. સરકારે કહ્યું હતું કે, રાફેલ જેટ હવાઈ દળ માટે ખુબ જ જરૂરી હતી. એટર્ની જનરલ કેકે વેણુગોપાલ તરફથી રજૂઆત કરવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ મોડાસામાં નોટબંધી નિષ્ફળતાના વિરોધ કાર્યક્રમનો ફિયાસ્કો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિમાં અનુશાસનનો સદંતર અભાવ મોડાસા ચાર રસ્તા ખાતે યોજાયેલ નોટબંધીની નિષ્ફળતાના વિરોધ પ્રદર્શન ધરણા કાર્યક્રમમાં ઉડીને આંખે વળગી હતી. અરવલ્લી જીલ્લાના પ્રજાજનોએ ખોબે ખોબા ભરી આપેલ મતથી ત્રણ વિધાનસભા, જીલ્લા પંચાયત અને મોડાસા, ધનસુરા અને બાયડ તાલુકા પંચાયતનું સુકાન સોંપ્યું હતું પરંતુ કોંગ્રેસમાંથી ચૂંથાયેલાં પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાંચા આપવામાં નિષ્ફળ રહેતા ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. લોક મુખે ચર્ચાતી ચર્ચા મુજબ સત્તાના મદમાં પ્રજાજનોને મદદરૂપ થવાને બદલે તેમના ઘર ભરી રહ્યા છે. પબ્લિસિટી સ્ટન્ટમાં ટેવાયેલા ચૂંટાયેલ કેટલાક કોંગ્રેસીઓ પણ આજે ધરણા વિરોધ પ્રદર્શનમાં ન ડોકાતા ખુદ કોંગ્રેસી કાર્યકરોમાં પણ અચરજ ફેલાયું હતું.

મોડાસા ચાર રસ્તા ખાતે ટાઉનહોલ નજીક યોજાયેલ નોટબંધીના ૨ વર્ષની નિષ્ફળતા અંગે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિનો ધરણા અને વિરોધ પ્રદર્શન કાર્યક્રમ જ સંપૂર્ણ નિષ્ફળ રહેતા કાર્યક્રમ હાંસી પાત્ર બન્યો હતો.



જીલ્લા કોંગ્રેસમાં જૂથબંધી અને પ્રમુખનું કઈ ઉપજતું ન હોવાની ચર્ચા ટોક ઓફ ધી જિલ્લો બની હતી. માંડ માંડ ૨૫ કાર્યકરો ધરણા કાર્યક્રમમાં ઉપસ્થિત જોવા મળ્યા હતા. ધરણા કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખ સહીત અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, મોડાસા શહેર કોંગ્રેસ પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, હુસેનભાઈ ખાલક, યુથ કોંગ્રેસ પ્રમુખ નિશ્ચલ પટેલ, જલદીપ પટેલ, નારાયણ રાઠોડ સહીત ૨૫ જેટલા કાર્યકરો બેનરો સહીત સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પરમાર સહીત ત્રણ ધારાસભ્યો, ૨ તાલુકા પંચાયત પ્રમુખ અને જીલ્લા પંચાયત સદશ્યો અને તાલુકા પંચાયત સદશ્યો પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશથી મોડાસા ચાર રસ્તા ખાતે યોજાયેલ નોટબંધીની નિષ્ફળતાના વિરોધ પ્રદર્શનમાં ૧૧ વાગ્યાના નિર્ધારિત સમય હોવા છતાં ૧૨ વાગ્યા સુધી ઉપસ્થિત ન રહેતા વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં થયેલા ફિયાસ્કાના પગલે કોંગ્રેસના કાર્યકરોમાં તમામ પદાધિકારીઓ સામે પ્રદેશકક્ષાએથી કારણદર્શક નોટિસ ફટકારી જવાબ માંગવામાં આવે નો ગણગણાટ શરુ થયો હતો.




## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

જિંદગી છે મિજાજે મિજાજે. " જ્યારે જેવો મિજાજ હોય તેવી વાત માણસ કરતો હોય છે એટલું આપણે જાણી લઈએ તો "આ માણસ આવું કેમ કહે છે ? " એવો પ્રશ્ન કદી ઉદભવી શકે નહીં. મનુભાઈ ત્રિવેદી, જૂનાગઢ કોર્ટના જજ જ્યારે કાયદાના રંગમાં બોલતા હશે ત્યારે જુદી વાત કરતા હશે,ભક્તકવિ " સરોદ" જ્યારે શ્યામના નામનો સિક્કો હાથમાં લેતા હશે ત્યારે કંઈક જુદી વાત કરતા નજરે પડશે અને "ગાફિલ"ને કોઈ સાકી મયખાનામા ખેંચી જાય ત્યારે આવી ગઝલ લખાતી હશે. આગ કોણે આવી દાગી આગ ? ઘટ ઘટમાં છે લાગી આગ. એક અમે એવાય પિયાસુ , સામે મોંએ માંગી આગ . દોષ દઉં , પણ કોને દઉં હું ? આફૂડી આ જાગી આગ . જોઈ શક્યો હું એની લગનમાં ; હોઈ શકે સોહાગી આગ . લાગ્યા કેડે થાય ના અળગી , એવી છે અનુરાગી આગ ! હાશ , મને ગાફિલ કરતી ગઈ , મારી લેખે લાગી આગ.

કવિ આનંદમાં હોય તો આનંદ કરાવે. મઝા લૂંટાવે, તમારા હૈયાને હિલ્લોળા ખવરાવી દે. પણ જો એનું મન ઉદાસ હોય, પ્રિયા કશા કારણ વગર એનું સુંદર મુખ મચકોડીને ચાલી ગઈ હોય, વહાલીએ કોઈ વસમું વેણ સંભળાવી દીધું હોય, એવા ગમગીન વાતાવરણમાં તમે એમને ખુશ કરવા ગમે તેવું સૂરીલું વાજિંત્ર વગાડો , એ તુરત કહ્શે, અરે ભાઈ ! આ ખટખટારો જરા બંધ કરોને ! શું કામ મગજ બગાડો છો ? અરે ધબકતા હૃદયને ય એ કહી દે કે તું આ ધમકારા બંધ કર અને મને નિરાંતે શ્વાસ લેવા દે.

છેડો ન કોઈ સાજ , તબિયત ઉદાસ છે , દિલ, બંધ કર અવાજ , તબિયત ઉદાસ છે. ઓ મેઘ, આજ તું ય વરસ લાખ ધારથી; છોડી દે વીજગાજ, તબિયત ઉદાસ છે.

એકે પ્રદીપ મારી કને ડોકશો નહીં; અંધાર, રાખ લાજ, તબિયત ઉદાસ છે.

આજે તમેય મારી કને આવશો નહીં , છો ને તમારે કાજ , તબિયત ઉદાસ છે. ખાલી આ રૂપ રંગનો મેળો નિહાળીને; આવી ગયો છું વાજ, તબિયત ઉદાસ છે; દુનિયાથી દિલ ઊઠી ગયું છે એવું,ના પૂછશે; માયૂસ છે મિજાજ, તબિયત ઉદાસ છે.

ગાફિલની કાલ કેવી હશે, તે ખબર નથી; ગમતું ન એને આજ, તબિયત ઉદાસ છે.

## લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલું

ગયેલા પપ્પાએ બોક્સ સ્વીકાર્યું અને ખોલીને જોયું તો સાવ ખાલી ! 'કેમ ?' પપ્પાએ પૂછ્યું ત્યારે થોડા ઉદાસ ચહેરા પેલી બોલી - ગઈ કાલે તમે ખૂબ વઢ્યા તેથી કાંઈ ભરવાની હિંમત ન કરી શકી. પણ.. પણ છતાં એ ખૂબ ભરેલું છે. બરાબર જુઓ પપ્પા. આખું બોક્સ છલોછલ છે. ખૂબ પ્રેમથી ચુમીઓ ભરીને આ બોક્સ આપ્યું છે. અંદર મારો ચિક્કાર પ્રેમ ભર્યો છે. કયારેય ખાલી ન થાય એટલો બધો!

હવે રડવાનો વારો પપ્પાનો હતો. આગલા દિવસની સમગ્ર ઘટના આંખ સામે ખડી થઈ ગી. પોતાની ઉતાવલ અને ઉગ્રતા બદલ પારાવાર દુઃખ થયું. અંતર ભરાઈ ગયું. 'આઈ એમ વેરી સોરી' કહીને દીકરીને ગળે લઈ લીધી. ટ્રેજેડી તો એ થઈ કે થોડાક મહિનાઓ બાદ એક વાહન અકસ્માતમાં પેલી દીકરીનું આકસ્મિત મૃત્યુ થઈ ગયું. પપ્પા પાસે બે ચીજ રહી ગઈ. જિંદગીભરનો પસ્તાવો અને બોક્સભર પ્રેમ ! પણ સૂતી વખતે પપ્પા કાયમ આ બોક્સને પોતાના ઓશિકા પાસે રાખતા.

દોસ્તો, આ ઉદાહરણ બે વાર ધ્યાનથી વાંચીને પછી તાકાત હોય તો સંતાનો ઉપર હાથ ઉઠાવી જો જો. શાક સુધારવું અને સંતાન સુધારવું એ બેમાં ઘણો ફરક છે.

સ્પર્શમણિ : બાળકોને શાબારી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે; એનાથી જ એમનું જીવન પાગરે છે. - રવીન્દ્રનાથ ટાગોર

● ● ●

બાળક જે માગે તે નહિ, એને જે ઘટે તે આપો. - ગાંધીજી

● ● ●

બાળકને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહીં.
- ખલિલ જિબ્રાન

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949







